દાદા ભગવાન પરિવારનું

માર્ચ ૨૦૧૯

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ




# ધારણ શક્તિ

# ધારણ શક્તિ



## સંપાદકીય

*બાળમિત્રો,*

*પરીક્ષા નજીક આવી રહી છે. તમે બધા વાંચવામાં પડી ગયા હશો ખરું ને? ઘણાને એવી ફરિયાદ હશે કે કેટલું બધું વાંચું છું પણ યાદ નથી રહેતું. અને ઘણાને એક વારમાં જ બધું સડસડાટ મોઢે થઈ જાય. આવું કેમ થતું હશે ?*

*તો આવો, આ અંકમાં એનું રહસ્ય જાણીએ. જેથી તમે પણ એ શક્તિને કેળવવાના ઉપાયો કરી શકો અને પરીક્ષામાં સારા માર્કર્સે પાસ થઈ શકો.*

*આ સમજણ તમને ફક્ત આ જ પરીક્ષામાં નહીં, પણ જીવનની બધી જ પરીક્ષામાંથી સફળતા પૂર્વક પસાર થવામાં મદદરૂપ થશે.*

*-ડિમ્પલ મહેતા*


વર્ષ : ૧૧, અંક : ૭
સળંગ અંક : ૧૨૭
માર્ચ ૨૦૧૯



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Editor : Dimple Mehta**

**Printer & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



**© 2019, Dada Bhagwan Foundation**
**All Rights Reserved**


# અક્રમ એક્સપ્રેસ


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

પ્રશ્નકર્તા : એક સત્સંગમાં સાંભળ્યું હતું કે ધારણ શક્તિ એ ખાલી ધર્મની બાબતમાં જ હોય છે. એવું તમે કહેતા હતા.

પૂજ્યશ્રી : ના. ધારણ શક્તિ દુનિયાભરની હોય. ધારણ એટલે શું કે એને એ ગ્રહણ કરી શકે છે. ટીચર ક્લાસમાં પ્રેક્ટિકલ શીખવાડતા હોય કે ગરમ કરો, પછી આમ બંધ કરી દો, એની અંદર આમ કરો. તો એકને શું કરવાનું એ સમજણ જ ના પડે. એ ધારણ નથી થતું એને. અને બીજો સમજી ગયો હોય અને પ્રયોગ કરી પણ નાંખે બતાવ્યા પ્રમાણે, એ ધારણ થયું કહેવાય. જેમ સમજાવ્યું હોય એમ ફોલો કરી શકે એ ધારણ શક્તિ કહેવાય.

પ્રશ્નકર્તા : ગ્રાસપિંગ પાવર અને ધારણ શક્તિ એક કે જુદું ?

પૂજ્યશ્રી : ધારણ શક્તિને ગ્રાસપિંગ પાવર કહેવાય ખરું પણ ધારણ શક્તિ એ વધારે સૂક્ષ્મ છે. ધારણ એટલે શું કે એક વખત સમજાઈ ગયા પછી ક્યારેય જાય નહીં, આઘુંપાછું યે ના થાય. એ એને ચોગરદમથી સમજાઈ ગયેલી હોય. પછી એમાં ક્યારેય વિરોધાભાસ ઊભો ના થાય. સામેવાળો શું કહેવા માગે છે એની એને બધી રીતે સમજણ પડી જાય એ ધારણ શક્તિ કહેવાય.

# જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા : એટલે ધારણ શક્તિ ડેવલપમેન્ટના આધારે હોય ?



> "સામેવાળો શું કહેવા માગે છે એની એને બધી રીતે સમજણ પડીજાય એ ધારણ શકિત કહેવાય"

પૂજ્યશ્રી : ડેવલપમેન્ટ તો ખરું. અને બ્રહ્મચર્ય બહુ હેલ્પ કરે એમાં. એની ચિત્ત શક્તિ એટલી બધી પાવરફૂલ હોય કે કોના આધારે શું એ બધું ફીટ થઈ જાય. પછી એ ગૂંચવાય નહીં ક્યાંય. પછી કોઈને સમજાવવાનું હોય તો એ હજારો રીતે સમજાવી શકે. કે ના, આ નહીં આ છે. ના, એ નહીં આ છે. કનેક્શન બધા હોય એ ધારણ થયેલું કહેવાય.


પ્રશ્નકર્તા : નીરુમાનું પણ મેં એવું સાંભળ્યું છે કે દાદાનો સત્સંગ પત્યા પછી એક કલાકનો સત્સંગ જેમ છે તેમ શબ્દસહ લખી શકતા. એક પણ શબ્દની ભૂલ ન હોય. તો એ કેવી રીતે એવું આવ્યું હોય ?

પૂજ્યશ્રી: એમાં પૂર્વની લિંક છે એમની. જ્ઞાનીનો ભવોભવનો પરિચય હોયને ત્યારે એમની ઓળખાણ પડી ગઈ હોય. પછી એમનું ચિત્ત એમનામાં જ હોય. સંસારમાં, પાંચ ઈન્દ્રિયોના સુખોમાં, કષાયોમાં, વિષયોમાં જરાય ફ્રેક્ચર ન થયેલું હોય. જ્ઞાનીની એટલી બધી આરાધના હોય, એટલી બધી ભક્તિ હોય અને સાથે એક નિશ્ચય પણ હોય કે એમના કહ્યા પ્રમાણે જગતને પહોંચાડવું છે. એ જે કહેવા માગે છે, તે અંતર આશય લોકોને આપવો છે. પછી બધું થઈ જાય એમનાથી. એ સિદ્ધિ ઉત્પન્ન થાય કે એ શબ્દે શબ્દે ધારણ કરી શકે અને આખું સમજાય, આખું આરપાર એમને ખબર હોય કે તેઓ શું કહેવા માંગે છે.

પ્રશ્નકર્તા : એટલે ધારણ શક્તિ એ સિદ્ધિ છે ?

પૂજ્યશ્રી : ના, એ પરિણામ આવે છે પછી. બીજા બધામાં ક્યાંય વૃત્તિઓ બગડવા જ નથી દીધી. એક જે લક્ષ્ય નક્કી થયું હોય, એમાં જ એનું ધ્યાન છે અને વિગતવાર સમજી ગયો છે આખો. પછી એ બાબત ધારણ થઈ ગઈ કહેવાય. આ એની આરાધનાનું ફળ આવ્યું છે. એટલો બધો એમાં એને ઈન્ટરેસ્ટ છે અને એની મહત્તા છે, એટલે ધારણ થઈ જાય.

# આ તો નવી જ વાત !



૧

જ્ઞાની પુરુષનો એક શબ્દ પકડીને હૃદયમાં ધારણ કરે તો એ મોક્ષે પહોંચાડે.

3

ઘી, તેલ, ખાંડ, મીઠાઈઓ, ચીઝ વગેરે ભરપૂર ખાવાથી ધારણ શક્તિ ઘટે છે.





૨

ધારણ ન થવું એટલે વાંચે ને પાછો ભૂલતો જાય. એ ગૂંચવાઈ જાય. એને સમજાય જ નહીં.



૪

સિનેમાના ગીતો સાંભળવાથી ચિત્ત અશુધ્ધ થયા કરે. પરિણામે ધારણ શક્તિ તૂટે. અને જ્ઞાનીની વાણી સાંભળ સાંભળ કરવાથી ચિત્ત શુધ્ધ થતું જાય. પરિણામે ધારણ શક્તિ વધે.

# હાજર સો હથિયાર


હજારો વર્ષ પહેલાં, આજની જેમ સ્કૂલો-કોલેજો નહોતી, પણ ગુરુકુળ હતાં. ગુરુકુળ એટલે એવી શાળા જ્યાં શિષ્ય ગુરુની સાથે એમના જ આશ્રમમાં રહી અભ્યાસ પૂરો કરે. ગુરુકુળમાં સામાન્ય રીતે સામાજિક કે આર્થિક ભેદભાવ ન રહેતો, ગરીબ અને શ્રીમંત શિષ્યો સાથે રહી ભણતા. આચાર્યો અને ગુરુઓ અનેક પ્રકારના શસ્ત્રો અને કળાઓમાં નિષ્ણાત હતા. આશ્રમમાં આવનાર દરેક બાળકને તેની જરૂરિયાત અને રુચિ પ્રમાણે શીખવાડતા.

આવું જ એક સુંદર ગુરુકુળ ચંદનગઢની સીમા ઉપર આવેલું હતું. ત્યાંના ગુરુ વિદ્યાચાર્ય, મોટા વિદ્વાન હતા. એમની પાસેથી શિક્ષણ પ્રાપ્ત કરવું, એ ગૌરવની વાત ગણાતી. અને તેથી જ તો, ચંદનગઢના રાજાના પુત્ર વિજયે આ ગુરુકુળમાં પ્રવેશ મેળવ્યો. ચંદનગઢની પ્રજાએ, રાજકુમાર તથા અન્ય મંત્રી પુત્રોને ખૂબ ઉલ્લાસભેર ગુરુકુળ જવા વળાવ્યા.

મહેલના એશોઆરામ અને માતા-પિતાની ઘરની સગવડો કરતાં, ગુરુકુળની રીત-ભાત તો સાવ જુદી જ હતી. પરોઢિયે નિત્ય કર્મ પછી ગુરુજી સાથે અભ્યાસ થતો અને ત્યારબાદ ગુરુમાતાને આશ્રમના નાના-મોટા કાર્યોમાં મદદ કરવાનું રહેતું. જ્યારે રાજકુમાર સહિત અન્ય વિદ્યાર્થીઓને આ નવી દૈનિકચર્યા અપનાવતા અત્યંત કષ્ટ પડી રહ્યું હતું, ત્યાં મંત્રી સુબુદ્ધિના પુત્ર સૌમિત્રે ખૂબ પ્રસન્નતાપૂર્વક પોતાનું આ નવું જીવન આવકાર્યું હતું.

"સૌમિત્ર, શું તમને આ બધી ગોઠવણી કરવી કઠિન નથી પડી રહી?" રાજકુમારે પૂછ્યું.

"વિદ્યાની પ્રાપ્તિ આગળ આ નાની-મોટી ગોઠવણી તો ગૌણ બની જાય છે ને, રાજકુમાર? આવા અમૂલ્ય જ્ઞાન આગળ આ કષ્ટોની શું કિંમત" સૌમિત્રના અવાજમાં એક અનેરી ખુમારી હતી. એમની વિદ્યા પ્રાપ્ત કરવાની ધગશ અને ગુરુ વિદ્યાધર પ્રત્યે પ્રેમ અજોડ હતા.



મધ્ય રાત્રીનો સમય હતો. બહાર વીજળીના કડાકા-ભડાકા થઈ રહ્યા હતા. નિદ્રારાણી રાજકુમારથી રીસાયા હતા. આમથી તેમ પાસા ફેરવતાં, એમની આંખો ખુલી ગઈ.

"સૌમિત્ર, તમારા દિમાગની ચિકિત્સા કરાવવી અત્યંત આવશ્યક છે. આ સમયે શું લેખન કરી રહ્યા છો ?" રાજકુમારે પૂછ્યું.

"આજે ભોજન સમયે ગુરુજીએ જે અર્થશાસ્ત્ર વિષે વાતો કહી હતી તે, ગુરુજીની વાત કરે અને સૌમિત્ર અહોભાવ વ્યક્ત કર્યા વગર રહે ?" સૌમિત્રે ઉમેર્યું, ગુરુજીની વાણીમાં જાદુ છે ને !

અડધી રાત્રે, રાજકુમારને આ બધી વાતોથી શું લેવા-દેવા હતી? તેઓ બોલ્યા, જો ખરેખર ગુરુજી પાસે જાદુઈ શક્તિ હોય તો આ કડાકા ભડાકા બંધ કરાવે અને મારા પર નિદ્રારાણીની કૃપા વરસાવે. કાલે સમયસર વર્ગમાં નહીં પહોંચાય તો શિક્ષા નક્કી મળશે.

રાજકુમારે આગલી રાત્રે કરેલી ભવિષ્યવાણી, બીજા દિવસે સાચી ઠરી. મહામહેનતે તેઓ સમયસર વર્ગમાં પહોંચી ગયા હતા, પણ અન્ય એક વિદ્યાર્થીને મોડું થતા આખા વર્ગને સજા થઈ.

"જ્યારે સહુની પ્રશંસા કરવી જોઈએ, ત્યારે ગુરુજી ફક્ત એની પ્રશંસા કરે છે જેની કાર્યક્ષમતા સહુથી ઓછી હોય. અને જ્યારે ફકત એકને સજા કરવી જોઈએ, ત્યારે સહુને સજા આપે છે." આ તે વળી કેવો કાયદો? રાજકુમાર અકળાઈ ગયા.

"વિજય, ગુરુજીના દરેક કાર્યમાં આપણું કલ્યાણ કરવાનો આશય છુપાયેલો હોય. કદાચિત, વર્તમાનમાં આપણને એ આશય ન સમજાય. પણ, તેથી કરીને ગુરુજી પ્રત્યે અવિનય કે એમના આશય પ્રત્યે શંકા કરવાનું કોઈ કારણ નથી." સૌમિત્રે રાજકુમારને શાંત પાડ્યા.

તે જ વખતે, એક વિદ્યાર્થી ગુરુજીનું તેડું લઈને આવ્યો, ગુરુજીએ તમને બેઉને એમના ખંડમાં બોલાવ્યા છે. રાજકુમારના દિલના ધબકારા વધી ગયા. શું ગુરુજીને મારી અકળામણનો ખ્યાલ આવી ગયો હશે ? શું તેઓ પિતાજીને ફરિયાદ કરી દેશે ?

વિજય, સૌમિત્ર બ્રાહ્મણ સોમદત્તે મહાયજ્ઞ માટે આશ્રમને નિમંત્રણ મોકલાવ્યું છે. હું ઈચ્છું છું કે આપ બેઉ એ યજ્ઞમાં હાજરી આપો. ગુરુજીએ શિષ્યોને આજ્ઞા કરી.

જી, ગુરુજી વિજય અને સૌમિત્રે સાથે જ જવાબ આપ્યો. વિજયને "હાશ" થઈ.

વિધિસર યજ્ઞ ચાલી રહ્યો હતો, ત્યાં તો અચાનક એક વિક્ષેપ આવી પડ્યો. સોમદત્ત બ્રાહ્મણને શ્વાસ ચડ્યો અને એક શબ્દનું ઉચ્ચારણ કરવું પણ અશક્ય બની ગયું. ગામવાસીઓ ઊંચા નીચા થવા લાગ્યા, "આવા મહામુશ્કેલ યજ્ઞના મંત્રોચ્ચાર સોમદત્ત બ્રાહ્મણ સિવાય બીજું કોઈ જાણતું પણ નથી. આ યજ્ઞ અધૂરો રહેશે તો?"

"રાજકુમાર, આ મંત્રો તો આપણે શીખ્યા છીએ," સૌમિત્રે ધીમા અવાજે કહ્યું.

"ખરેખર ? ક્યારે ?" રાજકુમારને યાદ આવે એ પહેલાં તો સૌમિત્રે જઈને યજ્ઞના મંત્રોચ્ચાર શરૂ કરી દીધા. સોમદત્ત બ્રાહ્મણના અચરજનો પાર ના રહ્યો. યજ્ઞ બાદ એમના શ્વાસોશ્વાસ સ્થિર થઈ ગયા.

"ધન્ય છે તમને અને તમારા ગુરુને. કુદરતે તમને ગજબની ધારણ શક્તિ બક્ષી છે." સોમદત્તે દિલથી સૌમિત્રને આશીર્વાદ આપ્યા.

યજ્ઞ તો નિર્વિઘ્નપણે સંપન્ન થયો પણ પાછા વળતા બંને શિષ્યો સામે એક અન્ય વિઘ્ન આવી પડ્યું. વરસાદના કારણે ડુંગરની ભેખડ તૂટી પડી અને જે રસ્તેથી તેઓ આવ્યા હતા તે રસ્તો બંધ થઈ ગયો.

"હવે, શું થશે ?" રાજકુમારને ડર ઘેરી વળ્યો.

"રાજકુમાર ગુરુજીએ એકવાર આપતકાલીન સમયે શું ધ્યાન રાખવું એના ઉપર શિબિર કરી હતી ને, તમને યાદ છે ?" સૌમિત્રે પૂછ્યું.

"યાદ છે ?? આ પ્રશ્ન આ સમયે જરા યોગ્ય નથી. રાત પડી ગઈ છે અને જંગલમાં જંગલી પ્રાણીઓ હશે અને તમે મને પૂછો છો, યાદ છે ?" રાજકુમારની સ્થિતિ દયાજનક હતી.

સૌમિત્રે આંખો બંધ કરી.

"જુઓ સૌમિત્ર, આ કોઈ ધ્યાન કરવાનો સમય નથી, કહી દઉં છું તમને..."

ત્યાં તો વરુનો ભયાનક અવાજ આવ્યો, "હુહુહુહુ..." રાજકુમારને ધ્રુજારી છૂટી ગઈ. સૌમિત્રે આંખો ખોલી અને સહેજ મલકાયા.

"ભયના કારણે ક્યાંક તમે..." રાજકુમારનું અધૂરું વાક્ય સૌમિત્રે પતાવ્યું, "ના, મેં માનસિક સંતુલન નથી-

ગુમાવ્યું. શિબિરમાં ગુરુજીએ આ સ્થાનનો દર્શાવેલો નકશો યાદ કરતો હતો."

"અને?" રાજકુમારે આશાભરી નજરે પૂછ્યું.

"અને ખ્યાલ આવી ગયો," સૌમિત્રે કહ્યું.

"વાહ મિત્ર વાહ, એવું તો શું યંત્ર છે તમારી મહીં કે ગુરુજીએ કહેલી બધી જ વાતો અંદર છપાઈ જાય છે? અરે, નકશો પણ. જો કે મને તો કોઈ ફરિયાદ નથી. એ યંત્ર ના હોત તો આજે આપણે જીવિત પાછા ના ફરત." આમ વાતો કરતાં કરતાં બંને મિત્રો હેમખેમ આશ્રમ પાછા ફર્યા.

બીજા દિવસે, રાજકુમારે ગુરુજીના આગલા દિવસના પ્રસંગોનું વર્ણન કર્યું અને સાથે સાથે સૌમિત્રની અદ્‌ભુત ધારણ શક્તિની ખૂબ પ્રશંસા પણ કરી.

ગુરુમાતાએ જ્યારે આ વાત સાંભળી, ત્યારે એકાંત ખોળી ગુરુજીને પૂછ્યું, "રાજકુમાર અને સૌમિત્ર, બંનેનો અભ્યાસક્રમ લગભગ સરખો જ છે. તો એનું શું કારણ છે કે સૌમિત્રની ધારણ શક્તિ આટલી અદ્‌ભુત છે અને રાજકુમારની નહીં?"

"સૌમિત્રનું ગુરુ પ્રત્યેનું આરાધન અને વિદ્યા પ્રાપ્ત કરવાની લગની એવા ઊંચા પ્રકારની છે કે મારો કહેલો એક એક શબ્દ એમના હૃદયમાં અંકિત થઈ જાય છે. પરંતુ, રાજકુમારના ચિત્તમાં હું નહીં, પણ રાજમહેલના સુખ અને આરામ છે." ગુરુજીએ તટસ્થતાથી જવાબ આપ્યો.

વર્ષો વીત્યા. વિદ્યાભ્યાસનો કાળ સંપન્ન થયો એટલે ગુરુજીએ ચંદનગઢના રાજા અને મંત્રીને એમના પુત્રોને તેડવા બોલાવ્યા.

પુત્રોને પાછા સોંપતી વખતે જ્યારે ગુરુ દક્ષિણા માંગવાનો વારો આવ્યો ત્યારે ગુરુજીએ રાજકુમાર વિજય પાસે એવું વચન માંગ્યું કે તેઓ હંમેશાં સૌમિત્રને પોતાની સાથે જ રાખશે અને એમના સૂચનો ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખશે.

અને સૌમિત્ર પાસે એવી ગુરુદક્ષિણા માંગી કે તેઓ રાજકુમાર વિજયની સાથે જ રહેશે અને સંપૂર્ણ વફાદારી સાથે જીવનભર સાચી મિત્રતા નિભાવશે.


બંને શિષ્યોએ રાજીખુશીથી ગુરુજીને વચન આપ્યું અને ગુરુમાતાના આશીર્વાદ લેવા ગયા.

જ્યારે રાજાએ ગુરુજીને ગુરુદક્ષિણા પાછળનો આશય પૂછ્યો ત્યારે ગુરુજીએ કહ્યું, "રાજકુમાર પરાક્રમી અને પરોપકારી છે, પરંતુ સૌમિત્ર જેવી ધારણ શક્તિ નથી ધરાવતા. સૌમિત્રની ધારણ શક્તિ એવી અદ્‌ભુત છે કે સંજોગાનુસાર, પ્રાપ્ત કરેલું જ્ઞાન એમને હાજર થઈ જાય છે. અને જે હાજર હોય તે જ હથિયાર બની શકે. મને વિશ્વાસ છે કે એકબીજાના પૂરક બનીને, તેઓ રાજ્યની બાગડોર કુશળતાથી સંભાળશે અને પ્રજાનું કલ્યાણ તથા રક્ષણ કરશે."

આ સાંભળી, રાજા અને મંત્રીને ખૂબ સંતોષ થયો. આશ્રમને ખૂબ બધી ભેટ સોગાદો અર્પણ કરી, રાજા અને મંત્રી એમના પુત્રોને લઈ, કૃતજ્ઞ ભાવ સાથે ચંદનગઢના રાજમહેલ તરફ જવા રવાના થયા.



# દિમાગમાં મીણ



નાનપણથી સુચિતાએ એસ્ટ્રોનોટ બનવાનું સપનું સેવ્યું હતું. તે દિવસે, હાથમાં માર્કશીટ પકડી, તે પોતાની રૂમની દિવાલ પર લાગેલા એસ્ટ્રોનોટ ડેરલ કુકના સ્માઈલિંગ ફોટા સામે ઉદાસ નજરે જોઈ રહી હતી.
એની આંખોમાંથી આંસુ ટપકવાના બંધ જ નહોતા થતા.
બસ, બેટા બસ. હવે, આ રીઝલ્ટને તો આપણે નહીં સુધારી શકીએ. પણ નેકસ્ટ એક્ઝામ માટે તો તૈયાર થવાય ને ?
સુચિતાએ ૩ મહિના પહેલાંની માર્કશીટ કાઢી.
જુઓ પપ્પા. કોઈ માને કે આ બે માર્કશીટ્સ એક જ છોકરીની છે ? એકમાં ટોપર અને બીજામાં... ફેઈલ
એટલા જ કલાક વાંચીને, એટલી જ મહેનત કરીને મારા બે રીઝલ્ટમાં આસમાન જમીનનો ફરક કેમ ? પરીક્ષામાં સવાલ એવા ટવીસ્ટ કરીને પૂછ્યા હતા કે બ્લેન્ક થઈ જવાતું હતું.
ડેરલ કુકના ફોટા સામે નજર કરીને,
તને ખબર છે સુચિ. ડેરલની સફળતાનું રહસ્ય શું હતું ? એમની ગજબની ધારણ શક્તિ.


એક સ્પેસ-મિશન વખતે ડેરલની સ્પેસ-શીપમાં મીકેનીઝમ ફેઈલ થઈ ગયું. કોઈ આશા નહોતી કે એમની સ્પેસ-શીપ પૃથ્વી પર પાછી ફરી શકે. પણ ડેરલે અણધાર્યું કરી બતાવ્યું.
મશીનના ફંક્શનની સમજણ ડેરલને એવી ગજબ રીતે ધારણ થયેલી કે જરાય ગૂંચાયા વગર, મશીનના કેલ્ક્યુલેશન્સ ખુદ કરી તેઓ સ્પેસ-શીપને સફળતાપૂર્વક પૃથ્વી પર પાછી લઈ આવ્યા.
વાઉ, અમેઝિંગ.
રીયલી અમેઝિંગ. ચલ, હવે આપણે એક પ્રયોગ કરીએ.
પપ્પા કિચનમાંથી બે વાડકામાં પાણી ભરી લાવ્યા.
આ શું છે પપ્પા ?
માર્કસ ઓછા આવવાનું કારણ ટવીસ્ટેડ પ્રશ્નો હતા કે બીજું કંઈ, એ જાણવાનો પ્રયોગ.
સુચિ, પેલા ખાનામાંથી બે રૂમાલ કાઢ. હું આ મીણબત્તી સળગાવું છું.
પપ્પાએ એક રૂમાલ પર મીણ પાથર્યું.


પછી, મીણવાળો રૂમાલ એક વાડકામાં અને સાદો રૂમાલ બીજા વાડકામાં મૂક્યો.
કહે, આ બંને વાડકામાંથી પાણી કેમ વધારે ઓછું શોષાયું ? હું તો બંનેમાં સરખું જ પાણી લાવ્યો હતો ને ?
સાદો રૂમાલ જ વધારે પાણી શોષેને. મીણ લાગવાથી પેલા રૂમાલની શોષવાની કેપેસીટી ઓછી થઈ ગઈ.
કરેક્ટ. એટલે કે સમજણ જો ધારણ થઈ હોય તો ડેરલની જેમ ગમે તેવી પરિસ્થિતિમાં પણ એ ધારણ થયેલી સમજણ ઉગારી શકે. પણ, જો મીણ લાગેલું હોય તો ટવીસ્ટેડ પ્રશ્નોમાં ગૂંચાઈ જવાય અને.....
વેઈટ...તમે એમ કહેવા માંગો છો કે એટલું જ વાંચવા છતાં આ વખતે મારા દિમાગમાં કશું ખાસ ઉતર્યું નહોતું કારણકે મારા દિમાગમાં મીણ લાગેલું. કયું મીણ ?
પપ્પાએ સામે ટેબલ ઉપર પડેલા આઈપેડ તરફ આંગળી ચીંધી.
...અને સુચિતા ૩ મહિના પહેલાંની સાંજમાં સરી ગઈ. જ્યારે ટોપ કરવાના ઈનામ રૂપે પપ્પાએ આઈપેડ અપાવ્યું હતું. ત્યારે સુચિતાએ વિચાર્યું હતું કે મનોરંજન સાથે એ ભણવાની એપ્લીકેશન્સ વાપરીને આઈપેડનો સદુપયોગ કરશે.


પણ, ધીરે ધીરે એમાં ગેમ્સ, વિડિયોઝ, ટી.વી. શોઝ, યુ ટ્યુબ, અને મુવીની લત લાગી ગઈ.
સુચિ, સુચિ...વ્હેર આર યુ ?
પપ્પા, હવે મને સમજાયું કે કયા મીણે ચિત્તને ખરડીને ધારણ શક્તિ ઘટાડી.
માય બ્રાઈટ ગર્લ. ચલ, હવે થોડો રેસ્ટ કરી લે દીકરા. ગુડ નાઈટ.
ત્યાં તો સુચિતાના ફોન પર એની ફ્રેન્ડનો ટેક્સ્ટ મેસેજ આવ્યો.
ટેક્સ્ટ : 'સ્ટાર વોર્સ'નું નવું ટ્રેલર ફેન્ટાસ્ટીક છે. ચેક ઈટ ઓન યુ ટ્યુબ
એક ક્ષણ માટે ભાન ભૂલી, સુચિતાએ આઈપેડ સ્વીચ ઓન કર્યું. પણ, સામે દીવાલ પર લાગેલા ડેરલ કુકના ફોટા પર નજર પડતાં, એ તરત જાગ્રત થઈ ગઈ.
આઈપેડ સ્વીચ ઓફ કરી, પોતાના ધ્યેયને હૃદયમાં ધરી, કોઝીઝ સુધારવાનો દ્રઢ નિશ્ચય કરી, સુચિતા એક નવી શરૂઆત માટે તૈયાર થઈ ગઈ.

# ચાલો રમીએ...



## શોધો અને ખોવાઈ જાઓ

(ગમે તેટલા પ્લેયર રમી શકે...)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 10 | | | | | X | | |
| 9 | | | | | X | | |
| 8 | | | | | X | | |
| 7 | | | | | X | | |
| 6 | | | | | X | | |
| 5 | | | | X | X | | |
| 4 | | | | X | | | |
| 3 | | | | X | | | |
| 2 | | | X | X | | | |
| 1 | | X | X | | | | |
| A | B | C | D | E | F | G | H |

Pic- 1

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 10 | | | | | | | |
| 9 | | | | | | | |
| 8 | | | | | | | |
| 7 | | | | | | | |
| 6 | | | | | | | |
| 5 | | | | | | | |
| 4 | | | | | | | |
| 3 | | | | | | | |
| 2 | | | | | | | |
| 1 | | | | | | | |
| A | B | C | D | E | F | G | H |

Pic- 2

૧) આ ગેમમાં એક પ્લેયર (બોક્સમાંથી બહાર નીકળવાનું) એક નક્શો દોરશે (દા.ત. **Pic. 1**). જે રમાડનાર પ્લેયર પોતાની પાસે જ રાખશે.

૨) બીજા પ્લેયર પાસે **Pic. 2** જેવો નક્શો હશે.



૩) હવે બાકીના પ્લેયર એક-એક કરીને વારો લેશે. જે પહેલો પ્લેયર આવશે એ કોઈ એક સ્ટેપ (દા.ત. **C-1**)નો અંદાજ કરવો.

૪) જે પ્લેયર પાસે નક્શો હોય અને રમનાર પ્લેયરનું સ્ટેપ સાચું હોય તો હા પાડશે. એમ જ્યાં સુધી એ પ્લેયરનું ખોટું ના પડે ત્યાં સુધી એ રમશે. અને ખોટું પડે તો તેના પછીના પ્લેયરનો વારો આવશે.

૫) બીજા પ્લેયરે એ પહેલો પ્લેયર જ્યાં સુધી પહોંચ્યો ત્યાં સુધીનો રસ્તો યાદ રાખવાનો રહેશે! તેના પછીનો રસ્તો તેમણે શોધવાનો રહેશે.


૬) બધા પ્લેયરને ગેમમાં આગળ વધવા આખો રસ્તો યાદ રાખવો પડશે જેથી બધા જ પ્લેયર્સની છેક સુધીની એકાગ્રતા હશે તો જ જીતાશે !

# ઐતિહાસિક ગૌરવગાથા

*(રાજનર્તકી રૂપકોશાના પ્રેમમાં આસક્ત બનેલા સ્થૂલિભદ્રે તપ અને સાધનાના બળે કામ-વાસના પર વિજય મેળવ્યો. ગુરુ દ્વારા એમના વખાણ સાંભળીને બીજા સાધુને ઈર્ષા થઈ. પોતાની જ્ઞાનસિધ્ધિ સિધ્ધ કરવા બીજા ચોમાસે એ સાધુ રૂપકોશાના આવાસે ગયા. પણ રૂપકોશાના રૂપ પર તેઓ મોહી પડ્યા. સ્થૂલિભદ્રના ધર્મોપદેશથી વૈરાગી બનેલી રૂપકોશાએ મોહમાં આસક્ત બનેલા સાધુને યુક્તિથી બહાર કાઢ્યા. હવે આગળ વાંચીએ.....)*

સ્થૂલિભદ્ર મુનિ આધ્યાત્મિક જીવનમાં પ્રગતિ કરી આચાર્ય પદે સ્થપાયા. એ સમયમાં શાસ્ત્રો લખાણમાં કોઈ પુસ્તરૂપે નહોતા. એ મોઢે જ યાદ રાખવામાં આવતા અને ગુરુ તે જ્ઞાન શિષ્યોને આપતા. કોઈ પણ સ્વરૂપમાં તેના દસ્તાવેજી પુરાવા ન હતા. આચાર્ય ભદ્રબાહુ તથા સ્થૂલિભદ્રની દોરવણી હેઠળ બાર આગમમાંથી અગિયાર આગમનો (જૈન શાસ્ત્રો) વ્યવસ્થિત અભ્યાસ થયો.

એ સમયમાં ભયંકર દુકાળ પડ્યો હતો. દુકાળના સમયમાં સ્થૂલિભદ્ર 'દ્દષ્ટિવાદ'ના નામે ઓળખાતા બારમુ આગમ તથા ચૌદ પર્વોનો (જૈન શાસ્ત્રો) અભ્યાસ ન કરી શક્યા. દુકાળ દરમ્યાન આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ તેમના ૧૨,૦૦૦ શિષ્યો સાથે દક્ષિણ ભારતમાં સ્થળાંતર કર્યું. આચાર્ય સ્થૂલિભદ્ર બાકી રહેલા સાધુઓના વડા સાધુ રૂપે પાટલીપુત્રમાં રહ્યા. દુકાળના કપરા સમયમાં સાધુઓને એમના નિયમો પાળવામાં ઘણી તકલીફો પડવા લાગી. વધારામાં સાધુઓની યાદશક્તિ લુપ્ત થવા લાગી જેથી આગમો પણ ભૂલાવા લાગ્યા.



આ દુકાળ બાર વર્ષ ચાલ્યો. દુકાળના વર્ષો પછી સ્થૂલિભદ્રે ધર્મગ્રંથ આગમને ફરીથી પુસ્તકરૂપે તૈયાર કરવાનું નક્કી કર્યું. સ્થૂલિભદ્રની આગેવાની હેઠળ પાટલીપુત્રમાં ધર્મ મહાસભા ભરાઈ. આ મહાસભામાં બારમાંથી અગિયાર આગમ તો મૌખિક રીતે ફરી તૈયાર કરવામાં આવ્યા. કોઈ સાધુ બારમા અંગ આગમને તથા તેના ચૌદ પર્વોને યાદ ન રાખી શક્યા. ફક્ત આચાર્ય ભદ્રબાહુ સ્વામીને આનું જ્ઞાન હતું પણ તેઓ તો દક્ષિણ ભારતમાં ગયા હતા અને ત્યાંથી નેપાળના પર્વતીય વિસ્તારમાં વિશિષ્ટ તપશ્ચર્યા અને ધ્યાન પ્રક્રિયા કરી રહ્યા હતા.

જૈન સંઘે આચાર્ય સ્થૂલિભદ્રને તથા વિદ્વાન જૈન સાધુઓને આચાર્ય ભદ્રબાહુ સ્વામી પાસે જઈને બારમા આગમને તૈયાર કરવા વિનંતિ કરી. લાંબી મુસાફરી હોવાથી ઘણા સાધુઓમાંથી ફક્ત સ્થૂલિભદ્ર જ નેપાળ પહોંચ્યા. આચાર્ય ભદ્રબાહુ સ્વામી પાસે બારમો આગમ તથા તેના ચૌદ

પર્વો શીખવાનું શરૂ કર્યું.

એક વખત સ્થૂલિભદ્રની સાધ્વી બનેલી બહેનો તેમના દર્શન માટે આવી. આ સમયે સ્થૂલિભદ્રે ચૌદમાંથી દસ પર્વ શીખી લીધા હતા. બહેનો આવી રહી છે એ જણાતા તેઓને, પોતાના જ્ઞાનમાંથી જે ચમત્કારિક સિધ્ધિઓ પ્રાપ્ત થઈ હતી તે બહેનોને દેખાડવાની ઈચ્છા થઈ.

બહેનો જ્યારે આવી ત્યારે તેમણે ગુફામાં બેસી સિંહનુ રૂપ ધારણ કર્યું. તેમની બહેનો જ્યારે ગુફામાં પ્રવેશી તો ભાઈની જગ્યાએ સિંહને જોયો. ગભરાયેલી બહેનો સીધી આચાર્ય ભદ્રબાહુ સ્વામી પાસે ગઈ અને એ ગુફામાં ભાઈને બદલે સિંહ હોવાની વાત કરી.

આચાર્ય ભદ્રબાહુ સ્વામી શું બન્યું હશે તે સમજી ગયા. એમણે કહ્યું, એ સિંહ એ તમારો ભાઈ જ છે. તમે ફરીથી ત્યાં જાઓ. તમને ભાઈ જોવા મળશે.

બહેન સાધ્વીઓ ફરીથી ગુફામાં ગઈ. આ વખતે સ્થૂલિભદ્ર તેમના અસલ સ્વરૂપમાં હતા. તેમને સાજાસમા જોઈને તેમની બહેનોને ખૂબ જ આનંદ થયો.

સ્થૂલિભદ્રે પોતાની સિધ્ધિનો તદ્દન નજીવી બાબત માટે દુરુપયોગ કર્યો તે જાણીને આચાર્ય ભદ્રબાહુ સ્વામી બહુ નિરાશ થયા.

આધ્યાત્મિક શક્તિ માટે સ્થૂલિભદ્ર હજુ પરિપક્વ નથી એમ તેમને લાગ્યું. તેથી તેમણે બાકીના ચાર પર્વ શીખવાડવાની ના પાડી. શિક્ષા પામેલ સ્થૂલિભદ્રે શીખવવા માટે બહુ વિનંતી કરી પણ ભદ્રબાહુ સ્વામી મક્કમ હતા.

જૈન સંઘે આચાર્ય ભદ્રબાહુ સ્વામીને પોતાનો નિર્ણય બદલવા તથા સ્થૂલિભદ્રને બાકીના ચાર પર્વ શીખવાડવા માટે બહુ આજીજી કરી ત્યારે તેમણે બે શરતો મૂકી.


'છેલ્લા ચાર પર્વના અર્થ તેઓ સ્થૂલિભદ્રને શીખવશે નહીં.'

'સ્થૂલિભદ્ર બાકીના ચાર પર્વ કોઈ સાધુને શીખવી શકશે નહીં.'

સ્થૂલિભદ્રે શરતો મંજૂર રાખી અને બાકીના ચાર પર્વ શીખ્યા.

જ્યારે જૈનધર્મગ્રંથો લખાયા નહોતા અને દુકાળના સમયમાં આચાર્ય સ્થૂલિભદ્રે તેને સાચવવા માટે જે કામ કર્યું તેથી જૈન ઈતિહાસમાં તેમનું નામ ઊંચા આદર સાથે યાદ રહેશે.

**સમાપ્ત**



# જીવંત ઉદાહરણ

## ૧. મેડમ મેરી ક્યુરી

મેડમ મેરી ક્યુરી વિજ્ઞાનની ઉત્કૃષ્ટ સાધનાનું ઉત્તમ ઉદાહરણ છે.

મેરી ક્યુરીનો જન્મ ૭ નવેમ્બર, ૧૮૬૭ના દિવસે પૉલેન્ડના વૉરસો શહેરમાં થયો હતો. એમના માતા-પિતા ગણિતશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર ભણાવતા. એના માતા-પિતા ઉત્તમ શિક્ષક હતાં. શાળાના ડાયરેક્ટર હતા. ઘરના વાતાવરણને કારણે મેરીને વિદ્યા પ્રત્યે અને ખાસ તો વિજ્ઞાન પ્રત્યે અત્યંત પ્રેમ ઉત્પન્ન થયો હતો.

મેરીના મોટા ભાઈ બહેન બુદ્ધિશાળી હતા. પણ મેરી સૌથી વધુ તેજસ્વી હતી. એક દિવસ મેરીની મોટી બહેનને વાંચન કરવામાં તકલીફ પડી રહી હતી. ચાર વર્ષની નાનકડી મેરીએ પુસ્તક ઉઠાવ્યું અને ફટાફટ એ પાનું વાંચી ગઈ. મેરીની ધારણ શક્તિ એટલી અદ્ભુત હતી કે પિતાજી જ્યારે એના ભાઈ-બહેનને ભણાવતા ત્યારે એ પણ શીખી જતી. ચાર વર્ષની ઉંમરે મેરી, રશિયન અને ફ્રેંચ ભાષા વાંચતાં શીખી ગઈ હતી.



શિક્ષકો અને મિત્રો, મેરીની આશ્ચર્યકારક મેમરી અને સમજણ શક્તિથી ખૂબ પ્રભાવિત હતા. એક દિવસ સ્કૂલમાં મેરીને એક કવિતા ખૂબ પસંદ પડી. જે છોકરાએ કવિતા કહી હતી, તેની પાસે મેરીએ કવિતાની કોપી માંગી. છોકરાએ ગમ્મત ખાતર કહ્યું, "જો તારી મેમરી એટલી જ અદ્ભુત હોય જેટલી બધા માને છે, તો તું યાદ કરીને જાતે જ લખી લે ને." મેરીએ ખરેખર કવિતાનો શબ્દે શબ્દ પાના પર ટપકાવી દીધો.

તે સમયે, પોલેન્ડમાં સ્ત્રીઓને ઉચ્ચ અભ્યાસ કરવાની મનાઈ હતી. પણ વિદ્યાપ્રેમી મેરી ક્યુરીએ ઘણી બધી કસોટીઓનો સામનો કરી પોતાનું ભણતર પૂરું કર્યું.

મૌલિક વૈજ્ઞાનિક સંશોધન કરવું એ મેરી ક્યુરીના જીવનનો ધ્યેય હતો. એ ધ્યેય તેમણે સાધના રૂપે આરાધ્યો હતો. પોતાની અસાધારણ ધારણ શક્તિ અને વિજ્ઞાન સમજવાની તીવ્ર ધગશથી, મેરીએ પોતાનો ધ્યેય પરિપૂર્ણ કર્યો. ઈતિહાસમાં ગણીગાંઠી વ્યક્તિઓને બે વાર નોબેલ પુરસ્કાર મળ્યાં છે. પણ મેરી ક્યુરી એક જ વૈજ્ઞાનિક વિભૂતિ છે જેમને બે અલગ વિષયોમાં, બે વાર નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

# ૨. સ્વામી વિવેકાનંદ

ધારણ શક્તિથી કેવા આશ્ચર્યજનક પરિણામો સર્જાય છે, તેના અનેક દ્રષ્ટાંતો નરેન્દ્રનાથ એટલે કે સ્વામી વિવેકાનંદના જીવનમાં જોવા મળે છે.

નરેન્દ્ર પ્રખર બુદ્ધિશાળી હતા. નાનપણમાં જ્યારે અન્ય બાળકો અક્ષર-જ્ઞાન શીખી રહ્યા હતા ત્યારે નરેન્દ્રે વાંચતાં લખતાં શીખી લીધું હતું. શિક્ષકના મુખમાંથી જે પણ શબ્દ નીકળતા, તે નરેન્દ્રના મગજમાં અંકિત થઈ જતા. કોઈ પણ પુસ્તકને એક વાર વાંચવું એમના માટે પૂરતું હતું. એક જ વાર વાંચી તેઓ પુસ્તકની બધી જ સારભૂત વાતો ફરી વર્ણવી શકતા હતા.

એક વખત સ્વામી વિવેકાનંદ કોલકત્તાના બેલુરમઠમાં હતા. તેમણે વાંચવા માટે એન્સાઈક્લોપિડિયા બ્રિટાનિકાના (વિશ્વકોષ) ગ્રંથો મંગાવ્યા.

પુસ્તકોને જોઈને એક શિષ્યે ટકોર કરી, "સ્વામીજી, એક જિંદગીમાં તો માણસ આટલા બધા ગ્રંથો વાંચી શકે જ નહીં."

આ સાંભળીને સ્વામીજી બોલ્યા, "એ તમે શું કહ્યું ? દસ ભાગ તો મેં વાંચી નાંખ્યા છે. અગિયારમો ભાગ વાંચી રહ્યો છું."


સાંભળીને શિષ્યને ભારે આશ્ચર્ય થયું. એમણે પૂછ્યું, "ખરેખર વાંચી નાખ્યા ?"

સ્વામીજીએ કહ્યું, "હા. તમારે કંઈ પૂછવું છે ?"

શિષ્યે ગુરુની પરીક્ષા કરવાની શરૂ કરી. જુદા જુદા ભાગોમાંથી શિષ્ય સ્વામીજીને પ્રશ્ન પૂછતા રહ્યા અને સ્વામીજી બધાના જવાબો આપતા ગયા. શિષ્યના આશ્ચર્યનો પાર ના રહ્યો. એ બોલી ઉઠ્યા, "સ્વામીજી, માનવના મગજ શક્તિની આ વાત નથી. આપ તો ચમત્કારિક પુરુષ છો."

ત્યારે સ્વામીજીએ કહ્યું. "એમાં ચમત્કાર જેવું કશું જ નથી. આ તો એકાગ્રતાની શક્તિનું પરિણામ છે."

જોયું મિત્રો, જે સબ્જેક્ટમાં ઈન્ટરેસ્ટ પડે અને એની મહત્તા સમજાય, તે ધારણ થઈ જ જાય.



# મીઠી યાદેં

સીમંધર સીટી બન્યાના શરુઆતના દિવસોની વાત છે. એક બ્રહ્મચારી બેને ત્યાં ઘર લીધું હતું. એ બેન મુંબઈના હતા પણ અમદાવાદ આવે ત્યારે નીરુમાની સેવામાં હોય. એવી જ રીતે એ બેન નીરુમા પાસે એમની સેવામાં હતા.

તે દિવસોમાં એક દિવસ દીપકભાઈ બધા મહાત્માઓના ઘરે ઘડા મૂકવાના હતા. તેઓ બધા ઘડા લઈને નીરુમા પાસે વિધિ કરાવવા આવ્યા. પેલા બેન ત્યારે ત્યાં સેવામાં જ હતા.

નીરુમા વિધિ કરતા હતા ત્યારે એમને મનમાં વિચાર આવ્યો, હું અહીંયા જ છું તો ય મને ખબર નથી કે આજે દીપકભાઈ બધાના ઘરે ઘડા મૂકવાના છે.તો હું પણ મારા ઘરે એમના હાથે ઘડો મૂકાવી દેત ને.

બપોરે એ બેન જ્યારે નીરુમાના પગ દબાવતા હતા ત્યારે નીરુમા એ એમને કહ્યું, અલી, આજે તારા ઘરે દીપકભાઈના હાથે ઘડો મૂકાવી દેવો જોઈએને.

પેલા બેન બોલ્યા, નીરુમા , તમે ઘડાની વિધિ કરતા હતા ત્યારે મારા મનમાં પણ એ જ ચાલતું હતું પણ મને ખબર જ નહોતી.

તેમના ગયા પછી એમણે નીરુમા ને કહ્યું, નીરુમા , મને ખબર હોત તો હું પણ મારા ઘરે દીપકભાઈના હાથે ઘડો મૂકાવી દેત.

બીજી વખત જ્યારે તેઓ દાદાદર્શન ગયા ત્યારે તેઓ નીરુમા ને પૂછવા ગયા કે, જૂનમાં અડાલજ આવું ત્યારે મારા ઘરનો ઘડો મૂકી દઉં?

એ પૂછવા ઉપર ગયા ત્યાં નીરુમા એમને જોઈને બોલ્યા, તારા માટે એક સરપ્રાઈઝ છે.

પેલા બેને પૂછ્યું, શું ?

નીરુમા કહે, તારા ઘરે અમે ઘડો મૂકી દીધો છે. અમારા હાથે મૂક્યો છે.

એ સાંભળીને પેલા બેન તો એકદમ ગદ્‌ગદ્‌ થઈ ગયા.

**આમ નીરુમા બધાનું એટલું ધ્યાન રાખતા કે લોકો આખા જીતાઈ જાય.**





Summer Camp 2019

# બાળકો-યુવાનો માટે સંસ્કાર સિંચન શિબિર - વર્ષ ૨૦૧૯



| | ગ્રુપ - બાળકો ૮ થી ૧૨ વર્ષ | | ગ્રુપ - બાળકો ૪ થી ૭ વર્ષ | |
|---|---|---|---|---|
| સેન્ટર | તારીખ | સંપર્ક | તારીખ | સંપર્ક |
| સીમંધર સીટી | ૨૨,૨૩ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | ૧૯ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| અમદાવાદ | ૨૫,૨૬,૨૯,૩૦ એપ્રિલ | ૯૪૨૯૪૪૨૫૯૭ | ૧૭ ફેબ્રુઆરી<br>૨૩ અને ૨૪ એપ્રિલ | ૮૧૪૧૩૭૭૮૩૩ |
| બરોડા | ૨૭,૨૮ એપ્રિલ | ૯૯૨૪૨૬૬૮૮૨ | ૨૫ એપ્રિલ | ૯૫૫૮૨૦૬૬૪૦ |
| ભરુચ | ૨૧ એપ્રિલ | ૮૮૬૬૭૭૮૯૧૦ | - | - |
| અંકલેશ્વર | ૧૯ એપ્રિલ | ૯૦૩૩૫૨૬૦૫૦ | ૧૦ માર્ચ | ૯૪૨૭૮૦૫૭૩૬ |
| સુરત | ૨૦,૨૧ એપ્રિલ | ૯૭૨૫૮૩૨૭૦૪ | ૧૭ ફેબ્રુઆરી | ૯૮૨૫૨૩૩૫૫૯ |
| મુંબઈ | મુલુંડ, પાર્લા, ઘાટકોપર, વાશી, દાદર, ગ્રાન્ટ રોડ, બોરીવલી, મીરારોડ, ડોમ્બીવલી | ૯૭૭૩૧૮૧૬૫૩ | ઘાટકોપર, મુલુંડ, બોરીવલી | ૯૯૨૦૨૮૬૮૧૭/<br>૯૮૨૦૫૦૮૬૦૮ |
| ભુજ | ૨૧,૨૨ એપ્રિલ | ૯૭૨૭૬૩૦૧૮૦ | - | - |
| ગાંધીધામ | ૨૪ એપ્રિલ | ૯૯૭૮૪૯૩૫૬૮ | - | - |
| ધોરાજી | ૨૫ એપ્રિલ | ૯૫૭૪૦૪૬૦૮૨ | - | - |
| રાજકોટ | ૨૭,૨૮ એપ્રિલ | ૮૮૪૯૨૬૫૨૨૪ | ૨૯ એપ્રિલ | ૯૪૨૬૪૬૦૯૩૮ |
| મોરબી | ૨૫ એપ્રિલ | ૯૯૨૪૩૪૪૮૮૨ | - | - |
| સુરેન્દ્રનગર | ૨૭,૨૮ એપ્રિલ | ૯૫૧૨૬૭૨૪૩૩ | - | - |
| જામનગર | ૨૭,૨૮ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ | ૨૯ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ |
| ભાવનગર | ૧૬,૧૭ મે | ૯૯૨૪૩૪૪૪૨૫ | - | - |
| મહેસાણા | ૨૮ એપ્રિલ | ૯૪૦૮૫૫૧૫૦૧/<br>૯૮૨૪૯૨૯૭૮૨ | - | - |



નોંધ: ૧. સમપકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.
૨. રજીસ્ટ્રેશન માટે બાળકની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઈ છે તે મુજબ થશે. જે તે સમરકેમ્પની તારીખના ૭ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.
૩. સીમંધર સીટી સમરકેમ્પ માટે રજીસ્ટ્રેશન ત્રિમંદીર સંકુલના 'સ્ટોર ઓફ હેપ્પીનેસ' માં સવારે ૯.૩૦ થી ૧૨.૦૦, અને સાંજે ૪ થી ૭ દરમ્યાન જે તે સમરકેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે, આ રજીસ્ટ્રેશન ૨૦ માર્ચથી કરવામાં આવશે.
સંપર્ક સૂત્ર-૦૭૯૩૯૮૩૦૯૩૯




'અક્રમ એક્સપ્રેસ' માસિકની માહિતી – ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)

૧. પ્રકાશનનું સ્થળ : સીમંધર સીટી, અડાલજ, તા–જિ : ગાંધીનગર, ૩૮૨૪૨૧

૨. પ્રકાશનનો સમય : માસિક

૩. મુદ્રકનું નામ : અંબા ઓફસેટ, રાષ્ટ્રીયતા : ભારતીય,

સરનામું : B–૯૯ GIDC, સેક્ટર – ૨૫, ગાંધીનગર – ૩૮૨૦૨૫

૪. પ્રકાશનનું નામ : મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,

સરનામું : સીમંધર સીટી, અડાલજ, તા–જિ : ગાંધીનગર, ૩૮૨૪૨૧

૫. તંત્રીનું નામ : ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.

૬. માલિકોના નામ : મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.

હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૮–૩–૨૦૧૯, અમદાવાદ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા (પ્રકાશકની સહી)

Akram Express

March 2019
Year : 11, Issue : 7
Conti. Issue No.: 127

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month

**આત્મવિશ્વાસ જ અદ્ભુત, અદ્રશ્ય અને અનુપમ શક્તિ છે જેને આધારે જ તમે તમારા ધ્યેય તરફ આગળ વધો છો.**

**– સ્વેટ માર્ડન**

# All The Best



<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં# હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.